અપીલ અરજી નં.૩૫૦ તા.૧૫/૧૬–૧–૦૯/૧૦

અરજદારઃ– શ્રી ભરત કાશીનાથ દલવી
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભરત કાશીનાથ દલવીની તા.૨૧–૧૧–૦૯ ની અરજીથી મહાનગરપાલિકાના લીંબાયત વિસ્તારમાં આવેલ મહાપ્રભુનગર–૭ ની બાજુમાં આવેલ નગરપાલિકાની જમીન ડ્રાફટ ટીપી સ્કીમ નં.૩૯ , ફા.પ્લોટ નં.આર–૮, ની જગ્યા ઉપર બિનઅધિકૃત બાંધકામ કરવામાં આવેલ છે તે મંજુર કરેલ પ્લાનના નકશા અને તેને અડીને આવેલ સોસાયટીના નકશા સાથેની સંપૂર્ણ માહિતી આપવા બાબત.
**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૫/૧૬–૧–૧૦ ની અપીલ અરજી નં.૩૫૦/૨૦૦૯–૧૦

શ્રી ભરત કાશીનાથ દલવીની તા.૨૧–૧૧–૦૯ ની અરજીથી મહાનગરપાલિકાના લીંબાયત વિસ્તારમાં આવેલ મહાપ્રભુનગર–૭ ની બાજુમાં આવેલ નગરપાલિકાની જમીન ડ્રાફટ ટીપી સ્કીમ નં.૩૯ , ફા.પ્લોટ નં.આર–૮ ની જગ્યા ઉપર બિનઅધિકૃત બાંધકામ કરવામાં આવેલ છે તે મંજુર કરેલ પ્લાનના નકશા અને તેને અડીને આવેલ સોસાયટીના નકશા સાથેની સંપૂર્ણ માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૨૮૯ તા.૧૬–૧૨–૦૯ થી આપેલ માહિતી અધૂરી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૫/૧૬–૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને તબદીલ કરેલ હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં .આરટીઆઈ સેલ/૧૨૧૬ તા.૨૮–૧–૧૦ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અત્રેના વિભાગને ન..સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૩૯૭૧ તા.૬–૨–૧૦ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. જેમાં અરજદારને આપેલ માહિતીના પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૯૬૬ તા.૬–૨–૧૦ ના પત્રની નકલ તથા તેના યુપીસી કર્યાની પહોંચની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને અગાઉ આપેલ માહિતી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૨૮૯ તા.૧૬–૧૨–૦૯ ના પત્રની નકલ તથા તેની યુપીસી કર્યાની પહોંચની નકલ અત્રે રજૂ કરેલ છે.

અરજદારની તા.૨૧–૧૧–૦૯ ની અરજીથી મહાનગરપાલિકાના લીંબાયત વિસ્તારમાં આવેલ મહાપ્રભુનગર–૭ ની બાજુમાં આવેલ નગરપાલિકાની જમીન ડ્રાફટ ટીપી સ્કીમ નં.૩૯ , ફા.પ્લોટ નં.આર–૮ ની જગ્યા ઉપર બિનઅધિકૃત બાંધકામ કરવામાં આવેલ છે તે મંજુર કરેલ પ્લાનના નકશા અને તેને અડીને આવેલ સોસાયટીના નકશા સાથેની સંપૂર્ણ માહિતી આપવા બાબત ની માંગણી કરવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારને નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૨૮૯ તા.૧૬–૧૨–૦૯ થી "લીંબાયત વિસ્તારમાં આવેલ ડ્રાફટ ટીપી સ્કીમ નં.૩૯(ઉધના લીંબાયત) ફા.પ્લોટ નં.આર/૮ ની જગ્યા પર કોઈ પણ પ્રકારનું બિન અધિકૃત બાંધકામ કરવામાં આવેલ નથી. " તેવી માહિતી અરજદારને આપવામાં આવેલ. જે બાબતે અરજદારે તા.૧૫/૧૬–૧–૧૦ ના રોજ અપીલ અરજી કરી માહિતી અધૂરી હોવાની રજૂઆત કરેલ છે અને મંજુર કરેલ પ્લાનના નકશા અને અડીને આવેલી સોસા.ના નકશા સાથે સંપૂર્ણ વિગત બાબતે કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ નથી. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં અરજદારને આપેલ માહિતી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૯૬૬ તા.૬–૨–૧૦ થી માહિતી આપવામાં આવેલ છે કે ડ્રાફટ ટીપી નં.૩૯(ઉધના લીંબાયત) ફા.પ્લોટ નં.આર/૮ ની જગ્યા પર કોઈ પ્રકારના પ્લાન મંજુર કરવામાં આવેલ નથી તથા કોઈ બિન અધિકૃત બાંધકામ કરવામાં આવેલ નથી તેમજ આર/૮ જગ્યાને અડીને આવેલ સોસા.ના નકશા કોઈ સક્ષમ સત્તાધિશ પાસેથી મંજુર કરેલ હોય તે પ્રકારનો રેકર્ડ કચેરીએ ઉપલબ્ધ નથી. તેવી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૧–૧૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી ભરત કાશીનાથ દલવી,